# હિમાચલમાં નવમી નવેમ્બરે ચૂંટણી: ૧૮મીએ પરિણામો

*નવી દિલ્હી:* હિમાચલ પ્રદેશના વિધાનસભાની ચૂંટણી નવમી નવેમ્બરે એક તબક્કામાં યોજાશે અને ૧૮મી ડિસેમ્બરે પરિણામો જાહેર કરવામાં આવશે, એમ મુખ્ય ચૂંટણી કમિશનર એ. કે. જોતીએ અહીં પત્રકાર પરિષદમાં જાહેર કર્યું હતું. ગુજરાત વિધાનસભાની ચૂંટણી ડિસેમ્બરની ૧૮મી પહેલાં યોજાશે. એક રાજયની મતદાન પેટર્ન અન્ય રાજયને અસર ન કરે એની ખાતરી માટે આમ કરવું જરૂરી હોવાનું તેમણે જણાવ્યું હતું. હિમાચલ પ્રદેશની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરતાં જોતીએ આ સાથે જણાવ્યું હતું કે નમૂનારૂપ આચારસંહિતા પણ તાત્કાલિક રીતે અમલમાં આવી ગઇ છે. હિમાચલ પ્રદેશ અને કેન્દ્ર સરકાર માટે રાજયની લગતી બાબતો સંબંધમાં આચારસંહિતા લાગુ પડશે. હિમાચલ પ્રદેશમાં ચૂંટણી પ્રક્રિયા ઑક્ટોબરની ૨૩મીએ ગેઝેટ નોટિફિકેશન જારી કરવામાં આવે એ સાથે શરૂ થઇ જશે અને ત્યારથી ઉમેદવારો તેમની ઉમેદવારી નોંધાવવાનું પણ શરૂ કરશે. જોતી સાથે ચૂંટણી કમિશનરો ઓ. પી. રાવત અને સુનિલ અરોરાએ આ સાથે જણાવ્યું હતું કે ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તારીખ ઑક્ટોબરની ૨૩મી હશે. ઑક્ટોબરની ૨૪મીએ ઉમેદવારી-પત્રોની ચકાસણી બાદ ઉમેદવારી પાછી ખેંચી લેવાની છેલ્લી તારીખ ઑક્ટોબરની ૨૬મી છે, એમ તેમણે જણાવ્યું હતું. હિમાચલ પ્રદેશ ગોવા બાદ બીજું રાજય હશે, જયાં ૧૦૦ ટકા વીવીપીએટી (પેપર ટ્રેઇલ મશીન્સ) દ્વારા મતદાન પ્રક્રિયા અમલી બનશે. પેપર ટ્રેઇલ મશીનો તમામ ૭,૫૨૧ મતદાન કેન્દ્રમાં ઇવીએમએસ સાથે મુકવામાં આવશે. હિમાચલ પ્રદેશમાં મહિલાઓ દ્વારા સંચાલિત ૧૩૬ પોલીસ બુથ ઊભાં કરવામાં આવશે. એ સાથે દરેક મત વિસ્તારમાં બે મહિલા હશે. પંચે વીવીપીએટી પેપર ટ્રેઇલનું કદ પણ વધાર્યું છે. (પીટીઆઇ)■

## ‘મોદી સરકારને લીધે ગુજરાતમાં ચૂંટણીની તારીખો જાહેર ન થઈ’

### ▶ કૉંગ્રેસનો આક્ષેપ: ચૂંટણી પંચ ભારે દબાણ હેઠળ હોવાનું કહ્યું

*નવી દિલ્હી:* કૉંગ્રેસે ગુરુવારે આક્ષેપ કર્યો હતો કે મોદી સરકાર ગુજરાતમાં ચૂંટણીઓ યોજવામાં વિલંબ કરવા માટે ચૂંટણી પંચ ઉપર દબાણ કરી રહી છે.

ચૂંટણી પંચ હિમાચલ અને ગુજરાતની ચૂંટણી કાર્યક્રમ નિર્ધારિત રીતે જાહેર કરનાર હતું. પરંતુ તેણે માત્ર હિમાચલ પ્રદેશની જ ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કર્યો અને જણાવ્યું હતું કે ગુજરાત રાજયની ચૂંટણીઓ અલગથી જાહેર કરવામાં આવશે પરંતુ રાજયની વિધાનસભાની ચૂંટણીઓ ડિસેમ્બરની ૧૮મી પહેલાં યોજાશે એમ મુખ્ય ચૂંટણી કમિશનર એ. કે. જોતીએ જણાવ્યું હતું. આમાં કોઇ કાવતરાની ગંધ આવતાં કૉંગ્રેસના પ્રવકતા રણદીપ સૂરજેવાલાએ ટ્વિટર ઉપર આ આક્ષેપો કર્યા હતા. સૂરજેવાલેએ દાવો કર્યો હતો કે ચૂંટણીઓ એટલા માટે જાહેર કરવામાં ન આવી કારણ કે રાજયમાં મોદીજી ૧૬મી ઑક્ટોબરે એક રેલીને સંબોધવાના છે. ■


## માતૃ વિયોગ

માતુશ્રી સરલાબેન હીરાલાલ મણિયાર (વય: ૮૭ વર્ષ)
(સ્વ. હીરાલાલ પાનાચંદ મણિયારના ધર્મપત્ની)



ધર્મમય દીર્ઘાયુ ભોગવીને, સંસ્કાર અને સંસ્કૃતિનો અણમોલ વારસો જાળવ્યો અને અમને પણ આપ્યો !
બુધવાર, તા. ૧૧-૧૦-૨૦૧૭ ના રોજ સમાધિપૂર્વક શ્રીજીચરણ પામ્યાં છે

: પ્રાર્થના સભા :
લાયન્સ કમ્યુનિટી હોલ, ગારોડિયા નગર, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૭૭.
શનિવાર, તા. ૧૪-૧૦-૨૦૧૭ સાંજે ૫ થી ૭

પુત્રવધુ/પુત્ર : વિણાબેન / દિલીપ
રક્ષા / ડો. પંકજ મણિયાર
પૌત્ર / પૌત્રવધુ : તેજસ / ડો નિત્તલ
મૌલિક / નેહલ
ડો. વશિષ્ઠ / ડો. અવનિ
પૌત્રી : ડો. રિદ્ધિ સિદ્ધાર્થ કટારિયા
પ્રપૌત્ર/પ્રપૌત્રી : ક્ષિતિ, નાયશા, રિયા, વિહાન, અર્જુન, રિત્વિ

સમસ્ત મણિયાર તથા વડોદરિયા પરિવારના જયશ્રીકૃષ્ણ



શ્રી સંભવનાથ સ્વામી નમ:

## શ્રધ્ધાંજલી



ભીખાલાલ ત્રીભોવનદાસ શાહ
જન્મ ૨૪/૦૧/૧૯૫૦ કડુડા સુરેન્દ્રનગર
પરલોકગમન ૧૦/૧૦/૨૦૧૭ સમેતશિખરજી તીર્થ
આપના આશિર્વાદ પરિવાર ઉપર સદા વરસતા રહે અને આપના આત્માને પ્રભુ શાંતિ અર્પે.

આપનો શોકમગ્ન પરિવાર
માતુશ્રી પુષ્પાબેન ત્રિભોવનદાસ શાહ પરિવાર- કડુડાવાળા
પત્ની: જયોતિબેન
પુત્ર: દક્ષેષ, હર્ષ, ધાર્મિક
પુત્રવધુ: મેઘના, શ્રુતિ, ખુશ્બુ
બહેન: લલીતાબેન, હીરાબેન, વસંતબેન, કોકીલાબેન, સંગીતાબેન
બનેવી: જેઠાલાલ, રસીકલાલ, જસવંતલાલ, કીરીટભાઈ, સુનિલકુમાર
ભાઈઓ: રાજેશભાઈ, ઊતમભાઈ, શૈલેષભાઈ, મુકેશભાઈ
ભાભી: રીટાબેન, સાધનાબેન, સોનલબેન, રૂપાબેન
ભત્રીજા-ભત્રીજી: કુણાલ, ઉમંગ, તરંગ, વિરાજ, કૃપા, એકતા, ખુશ્બુ, ફોરમ
પ્રપોત્રી: મીક્ષા, સાનવી, માહી, સાવી, કાવ્યા, હિર

ભાવયાત્રા તા. ૧૪/૧૦/૨૦૧૭ શનિવારે
સમય: ૧૦.૦૦ થી ૧૨.૩૦
સ્થળ: જસમીન બેંકવેટ હોલ, રઘુલીલા મોલ, ૪થે માળે, કાંદિવલી વેસ્ટ, મુંબઈ

BOMBAY TOOLS CENTRE □ JAYANT & BROTHERS
TOOLING TECHNOLOGY
Daga Chembers, Nagdevi Street, Mumbai - 3.


# એમ્બી વૅલી લિલામ: સહારાએ પોલીસને પત્ર લખતા સુપ્રીમ ખફા

*નવી દિલ્હી:* સહારા ગ્રુપે તેની એમ્બી વૅલી પ્રોપર્ટી ખાતે કાયદો અને વ્યવસ્થાનો મુદ્દો ઉપસ્થિત કરીને પુણે પોલીસને પાઠવેલા પત્ર સામે સુપ્રીમ કૉર્ટે ભારે વાંધો લીધો હતો. એમ્બી વૅલી પ્રોપર્ટીમાં કોર્ટ આધીન લિલામીની પ્રક્રિયા ચાલી રહી છે. આ સંબંધમાં સેબીના આક્ષેપની નોંધ લઈને ન્યાયમૂર્તિ દિપક મિશ્રાની આગેવાની હેઠળની બેન્ચે જણાવ્યું હતું કે એ ગ્રુપે પુણેના સૂપરિન્ટેન્ડન્ટ ઑફ પોલીસ (ગ્રામીણ) સાથે આ મુદ્દે સંદેશવ્યવહાર કરવો જોઈતો નહોતો, કારણ કે સર્વોચ્ચ અદાલત દ્વારા આ પ્રોપર્ટીની લિલામીનો આદેશ આપવામાં આવ્યો છે. ઉક્ત બેન્ચમાં ન્યાયમૂર્તિઓ રંજન ગોગોઈ અને એ. કે. સિક્રીનો પણ સમાવેશ થાય છે. બેન્ચે આ સાથે મહારાષ્ટ્રના ડિરેક્ટર જનરલ ઑફ પોલીસને નિર્દેશ કર્યો હતો કે બૉમ્બે હાઈ કોર્ટના સત્તાવાર લિક્વિડેટરને ૪૮ કલાકની અંદર આ પ્રોપર્ટી હસ્તગત કરી દેવામાં આવે એની નિગરાની રાખવામાં આવે. લિલામની પ્રક્રિયામાં કોઈ પણ વ્યક્તિ દ્વારા કોઈ પણ રીતે અગર અવરોધ સર્જવામાં આવશે તો તે વ્યક્તિ કોર્ટના તિરસ્કાર બદલ દોષી લેખાશે અને એને જેલ ભોગવવી પડશે. સુપ્રીમ કોર્ટે સત્તાવાર લિક્વિડેટરને કંપની જજની નિગરાનીમાં લિલામીની પ્રક્રિયામાં આગળ વધવા માટેનો નિર્દેશ કર્યો હતો. બેન્ચે એમ પણ જણાવ્યું હતું કે આ મામલામાં સત્તાવાર લિક્વિડેટર બૉમ્બે હાઈ કોર્ટના વર્તમાન જજ જસ્ટિસ એ. કે. ઓક તરફથી માર્ગદર્શન મેળવશે. (પીટીઆઈ)■

# રાહુલને પક્ષની કમાન સોંપો: યુપી કૉંગીમાં ઠરાવ પસાર

*લખનઊ:* રાહુલ ગાંધીને પક્ષપ્રમુખ બનાવવાના પ્રસ્તાવને ઉત્તર પ્રદેશ કૉંગ્રેસ કમિટી (યુપીસીસી)એ ગુરુવારે સર્વાનુમતીથી મંજૂરી આપી હોવાનું પ્રવક્તાએ કહ્યું હતું. પક્ષના શહેર અને જિલ્લા એકમના પ્રમુખો સહિત કાર્યકર્તાઓની બેઠકમાં ઉત્તર પ્રદેશ કૉંગ્રેસના વડા રાજ બબ્બરે આ પ્રસ્તાવિત ઠરાવ રજૂ કર્યો હતો. પક્ષના પ્રવક્તા અમરનાથ અગ્રવાલે કહ્યું હતું કે આ ઠરાવને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી. ૪૭ વર્ષના રાહુલ ગાંધી વર્ષ ૨૦૧૩થી કૉંગ્રેસના ઉપાધ્યક્ષ છે તેમ જ પક્ષનાં વડાં અને ૭૦ વર્ષનાં માતા સોનિયા ગાંધીને તેઓ સહાય કરી રહ્યા છે. વર્ષ ૧૯૯૮માં સોનિયા ગાંધીએ કૉંગ્રેસના તત્કાલિન પ્રમુખ સિતારામ કેસરી પાસેથી આ હોદ્દો મેળવ્યો હતો અને પક્ષના ૧૩૧ વર્ષના ઈતિહાસમાં આ હોદ્દા પર સોથી લાંબો સમય સેવા આપનાર વ્યક્તિ છે. રાહુલ ગાંધીને એઆઈસીસીના વડા બનાવવામાં આવે એવો નિર્ણય યુપીસીસીએ એકસૂરે લીધો હોવાનું રાજ બબ્બરે બેઠક દરમિયાન કહ્યું હતું.

અગ્રવાલે રાજ બબ્બરને એમ કહેતા ટાંક્યા હતા કે જેમણે આપણને નવી તાકાત અને સત્તા આપી છે અને જેઓ મહાત્મા ગાંધીના મૂલ્યોને આગળ વધારી રહ્યા છે તેમને એઆઈસીસીના વડા બનાવવા એ દરેક કૉંગ્રેસીઓની ફરજ છે. અમે રાહુલ ગાંધીની તાકાત બની તેમના નેતૃત્વ હેઠળ કામ કરીશું, એમ તેમણે કહ્યું હતું. રાહુલ ગાંધીને શ્રમિકો અને ખેડૂતોના મસિહા લેખાવી તેમને ભારતને ભાજપમુક્ત કરવાની તેમણે વિનંતી કરી હતી. (પીટીઆઇ)■

# મુલાયમ-અખિલેશમાં મનમેળ?: મહિનાઓ પછી સાથે દેખાયા

*લખનઊ:* સમાજવાદી પક્ષના પ્રમુખ અખિલેશ યાદવ અને તેમના પિતા મુલાયમ સિંહ યાદવ અને મહિનાઓ બાદ એક જાહેર સમારોહમાં ગુરુવારે એકસાથે જોવા મળ્યા હતા. જેને લઇને એવી અટકળો વહેતી થઈ હતી કે પિતા-પુત્ર વચ્ચે સંભવત: ફરીથી મનમેળ થઇ ગયો છે. રામ મનોહર લોહિયાની ૫૦મી પુણ્યતિથિ નિમિત્તે લોહિયા પાર્કમાં સમારોહ પ્રસંગે બંને સાથે જોવા મળ્યા હતા. લોહિયાની પ્રતિમા સમક્ષ બંને જણે સાથે પુષ્પાંજલિ આપી ત્યારે પક્ષના કાર્યકરોના સૂત્રોચ્ચાર વચ્ચે તેમણે પરસ્પર વાતચીત કરી હતી. મુલાયમ સિંહના નાના ભાઈ શિવપાલ યાદવ આ પ્રસંગે ગેરહાજર હતા. (પીટીઆઈ)■

# સરકારી પૉસ્ટરમાં અન્દ્રાબીનો ફોટો: કાશ્મીરી અધિકારી સસ્પેન્ડ

*શ્રીનગર:* બેટી બચાઓ, બેટી પઢાઓના પોસ્ટરમાં મહિલા એચિવર્સ સાથે જેલબંધ અલગતાવાદી નેતા આસીયા અન્દ્રાબીનો ફોટો છાપવા બદલ જમ્મુ અને કાશ્મીરની સરકારે એક મહિલા અધિકારીને બરતરફ કરીને આ મામલે તપાસના આદેશ આપ્યા હતા.

અનંતનાગ જિલ્લાના બ્રેન્ગ બ્લોકની બાળ વિકાસ યોજના અધિકારી શમીમાને સસ્પેન્ડ કરીને આ મામલાની તપાસના આદેશ આપ્યા હોવાની માહિતી અનંતનાગના ડેપ્યુટી કમિશનર મોહંમદ યુનુસ મલિકે આપી હતી.

સમાજ કલ્યાણ પ્રધાન સજ્જાદ લોનેએ જણાવ્યું હતું કે દેશની પ્રસિદ્ધ મહિલાઓની યાદીમાં આસીયાને સામેલ કરીને શમીમાએ બહું મોટી ભૂલ કરી છે. આ ભૂલ કરનાર અધિકારીને તુરંત જ સસ્પેન્ડ કરવામાં આવી છે અને તપાસના આદેશ પણ આપવામાં આવ્યા છે. આસીયા જમ્મુ અને કાશ્મીર જ નહીં કોઇપણ દેશની મહિલાઓ માટે રોલ મૉડેલ નથી.

મુખ્ય પ્રધાન મહેબુબા મુફ્તિ, મધર ટેરેસા, ઇંદિરા ગાંધી, લતા મંગેશકર, સાનિયા મિરઝા અને કિરણ બેદી સાથે પાકિસ્તાન તરફી સંસ્થા દુખ્તરન-એ-મિલાતની પ્રમુખ આસીયાનો ફોટો બેનર પર મુકાયા બાદ રાજ્ય સરકારને નીચાજોણું થયું હતું. આ પોસ્ટર છોકરીઓના શિક્ષણને પ્રોત્સાહન આપવા માટેના એક કાર્યક્રમમાં જાહેર કરવામાં આવ્યું હતું. (પીટીઆઈ)■


